**ગુજરાત સરકાર**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર.**
તારીખ: ૩૧-૭-૨૦૦૭

**અધિસુચના:**
**ક્રમાંક:** *જીએચ/વી/૨૦૦૭ નો ૨૨૩/ટીપીવી-૧૦૨૦૦૭-૧૧૧-લ*

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ નો રાષ્ટ્રપતિનો અધિનિયમ-૨૭ જેનો આમાં હવે ઉક્ત અધિનિયમ તરીકે ઉલ્લેખ કરેલ છે)ની કલમ-૫૦ ની પેટા કલમ-૧ હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૯-૧૨-૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૩૨૮ ઓફ ૨૦૦૬/ટીપીએસ-૧૪૦૬-૨૧૨૯-લ થી મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (ભીમરાડ) સુડાને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી, નગર રચના યોજના સુરતની નગર રચના અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કે. બી. પાનખાનીઆ
ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

---

**ક્રમાંક: ટીપીવી-૧૦૨૦૦૭-૧૧૧-લ**
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૧-૭-૨૦૦૭

પ્રતિ,

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત.
- કલેક્ટરશ્રી, સુરત.
- મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મૂલ્યાંકન તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી, વડોદરા.
- નગર રચના અધિકારી, નગર રચના યોજના, સુરત.

- તિજોરી અને હિસાબી અધિકારીશ્રી, સુરત.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર તરફ ઉપર્યુક્ત અધિસુચના સરકારી અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરી તેની પાંચ નકલો આ વિભાગને તથા પાંચ નકલો મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવાની વિનંતીસહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર જરૂરી અખબારી નોંધ પ્રસિદ્ધ કરવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી (લ-શાખા), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.
- અંગત ફાઇલ.

સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ